# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 30-04-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

**************************************************

1) સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું કે ઓપરેશન સિંદૂરથી ભારત કોઈપણ આતંકવાદી પ્રવૃત્તિને સહન નહીં કરે તેવો દુનિયાને સંદેશ મળ્યો

2) રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે જમ્મુ તાવી રેલ્વે સ્ટેશનથી વિસ્તૃત શ્રીનગર-જમ્મુ વંદે ભારત એક્સપ્રેસ સેવાને શરૂ કરાવી

3) સોમનાથ સ્વાભિમાન પર્વ યાત્રા હેઠળ ભક્તોને લઈને એક ખાસ ટ્રેન દિલ્હીથી ગુજરાતના સોમનાથ મંદિરની યાત્રા માટે રવાના

4) અમેરિકન સૈન્યએ 42 જહાજોને ઈરાની બંદરો પર અવરજવર કરતાં અટકાવ્યાં

5) મેટલ, રિયલ્ટી અને પીએસયુ બેંક ક્ષેત્રોના શેરોમાં માટાપાયે વેચવાલીના પગલે ભારતીય શેરબજારમાં કડાકો

6) આઈપીએલ ક્રિકેટમાં આજે ગુજરાત ટાઈટન્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુ વચ્ચે મુકાબલો

..............................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# RAJNATH SECURITY SUMMIT

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું કે ઓપરેશન સિંદૂરથી ભારત કોઈપણ સંજોગોમાં કોઈપણ આતંકવાદી પ્રવૃત્તિને સહન નહીં કરે તેવો દુનિયાને સંદેશ મળ્યો છે. નવી દિલ્હીમાં રાષ્ટ્રીય સુરક્ષા સમિટ 2.0 માં બોલતા, શ્રી સિંહે આતંકવાદ અને તેના પ્રાયોજકો વચ્ચે કોઈ ભેદભાવ ન કરવાની સરકારની નીતિને પુનઃપુષ્ટિ આપી. તેમણે પાકિસ્તાનને આંતરરાષ્ટ્રીય આતંકવાદનું કેન્દ્ર અને ભારતને માહિતી ટેકનોલોજીનું કેન્દ્ર ગણાવ્યું હતું.

(BYTE- RAJNATH SINGH)

શ્રી સિંહે બદલાતી વિશ્વ વ્યવસ્થામાં વધુ સતર્કતા સાથે આગળ વધવાની જરૂરિયાતનો પણ ઉલ્લેખ કર્યો. વધુમાં તેમણે દેશમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સની ભૂમિકા અંગે કહ્યું કે ટેકનોલોજી ભારતીય દળોનો અભિન્ન ભાગ બની ગઈ છે. શ્રી સિંહે ઉમેર્યું કે સરકાર દેશભરમાં કમ્પ્યુટિંગ ઇન્ફ્રાસ્ટ્રક્ચરનું લોકશાહીકરણ કરવા માટે કામ કરી રહી છે, જેનાથી નાના શહેરોમાં યુવાનો આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના ક્ષેત્રમાં યોગદાન આપી શકે.

# RAJNATH CROSETTO MEET

સંરક્ષણમંત્રી રાજનાથ સિંહે આજે નવી દિલ્હીમાં ઇટાલીના સંરક્ષણમંત્રી ગુઇડો ક્રોસેટ્ટો સાથે મુલાકાત કરી.

બંને નેતાઓ દ્વિપક્ષીય વાટાઘાટો કરશે જેમા બંને દેશો વચ્ચે સંરક્ષણ સહયોગ સંબંધિત વિવિધ મુદ્દાઓ પર ચર્ચા થવાની શક્યતા છે. બદલાતા સુરક્ષા પરિદૃશ્યમાં પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર પણ ચર્ચા થઈ શકે છે.

અગાઉ ઇટાલીના સંરક્ષણમંત્રીએ રાષ્ટ્રીય યુદ્ધ સ્મારક પર પુષ્પાંજલિ અર્પણ કરી હતી, તેમને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું.

# VAISHNAW-VANDE BHARAT-JAMMU

રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે આજે જમ્મુ તાવી રેલ્વે સ્ટેશનથી વિસ્તૃત શ્રીનગર-જમ્મુ વંદે ભારત એક્સપ્રેસ સેવાને લીલી ઝંડી આપી. શ્રીનગરથી શ્રી માતા વૈષ્ણોદેવી કટરા સુધી ચાલતી આ ટ્રેન હવે જમ્મુ તાવી સુધી ચાલશે. આ પ્રસંગે કેન્દ્રીય રાજ્ય મંત્રી જીતેન્દ્ર સિંહ અને મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા ઉપસ્થિત રહ્યા હતા.

આ ટ્રેનને ખાસ કરીને પ્રદેશના પડકારજનક ભૂપ્રદેશ અને અત્યંત ઠંડીની સ્થિતિમાં ચલાવવા માટે ડિઝાઇન કરવામાં આવી છે, જે શૂન્યથી નીચે તાપમાનમાં પણ સરળ કામગીરી સુનિશ્ચિત કરે છે.

(VC: DIPENDRA)

# SHEKHAWAT - SOMNATH PARV YATRA

કેન્દ્રીય સંસ્કૃતિ અને પર્યટન મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવતે જણાવ્યું કે સોમનાથ મંદિર ભારતના આત્મસન્માન, સ્થિતિસ્થાપકતા અને અદમ્ય ભાવનાનું પ્રતીક છે. નવી દિલ્હીમાં સોમનાથ સ્વાભિમાન પર્વ યાત્રાના ઉદ્ઘાટન પ્રસંગે બોલતા શ્રી શેખાવતે કહ્યું કે આ પગલું નાગરિકોને ભારતના ભૂતકાળમાંથી, પૂર્વજો પાસેથી અને પતન પછી પણ ફરીથી ઉભા થવાની પ્રેરણા આપશે.

સોમનાથ સ્વાભિમાન પર્વ યાત્રા હેઠળ લગભગ એક હજાર ત્રણસો ભક્તોને લઈને એક ખાસ ટ્રેન ગુજરાતના સોમનાથ મંદિરની યાત્રા પર નીકળી હતી. રાષ્ટ્રીય રાજધાનીના સફદરજંગ રેલ્વે સ્ટેશનથી શ્રી શેખાવત, દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તા અને દિલ્હીના સંસ્કૃતિ મંત્રી કપિલ મિશ્રાએ આ ટ્રેનને લીલી ઝંડી આપી હતી. આ કાર્યક્રમ સોમનાથ મંદિર પ્રત્યે એક હજાર વર્ષની અતૂટ શ્રદ્ધા અને ભક્તિની સ્મૃતિને દર્શાવે છે.

# QATAR- CARRIER INFO

ભારતીય વિમાનસેવા કતારના દોહાના હમાદ આંતરરાષ્ટ્રીય હવાઈમથકેથી વિમાન સેવાઓ ફરી શરૂ કરવાની યોજના બનાવી રહી છે. કતારના દોહા સ્થિત ભારતીય દૂતાવાસે આ માહિતી આપી હતી.

એર ઇન્ડિયા, એર ઇન્ડિયા એક્સપ્રેસ અને ઇન્ડિગો આવતીકાલથી દોહા અને ભારત વચ્ચે વિમાનસેવા ફરી શરૂ કરશે. દૂતાવાસે મુસાફરોને વધુ માહિતી માટે તેમની એરલાઇન્સનો સંપર્ક કરવાની સલાહ આપી છે.

# PAK HC-IMRAN KHAN

પાકિસ્તાનની વડી અદાલત આજે ભૂતપૂર્વ પ્રધાનમંત્રી ઈમરાન ખાન અને તેમના  પત્ની બુશરા બીબી દ્વારા અલ-કાદિર ટ્રસ્ટ કેસમાં તેમની સજાને પડકારતી અરજી પર સુનાવણી કરશે. ગયા વર્ષે જાન્યુઆરીમાં, ઈસ્લામાબાદની એક અદાલતે 73 વર્ષીય ઈમરાન ખાનને 14 વર્ષની જેલની સજા અને બુશરા બીબીને સાત વર્ષની જેલની સજા ફટકારી હતી.

આ કેસ પાકિસ્તાનની ભ્રષ્ટાચાર વિરોધી એજન્સી દ્વારા ચલાવવામાં આવ્યો હતો. આ દંપતીએ ઈસ્લામાબાદ વડી અદાલતમાં આ નિર્ણયને પડકાર્યો છે. સુનાવણી મૂળ 22 એપ્રિલે થવાની હતી, પરંતુ ઈરાન-અમેરિકા વાટાઘાટોને ધ્યાનમાં રાખીને રેડ ઝોન બંધ થવાને કારણે રદ કરવામાં આવી હતી.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# US-VESSELS INTERCEPT

અમેરિકન સૈન્યએ તેના સુરક્ષા દળોએ નાકાબંધીના ભાગ રૂપે 42 જહાજોને ઈરાની બંદરોમાં પ્રવેશતા કે બહાર નીકળતા અટકાવ્યા હોવાની જાહેરાત કરી. યુએસ સેન્ટ્રલ કમાન્ડ કમાન્ડર બ્રેડ કૂપરે સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું કે આશરે 6 કરોડ 9 લાખ બેરલ તેલ વહન કરતાં 41 ટેન્કર હજુ પણ ફસાયેલા છે, જેની સંભવિત આવક 6 અબજ અમેરિકી ડોલર છે.

તેનાથી ઈરાનની તેલ નિકાસમાંથી નફો મેળવવાની ક્ષમતામાં અવરોધ આવશે. જો કે ઈરાને આ જપ્તીની ટીકા કરીને તેને ચાંચિયાગીરીના કૃત્યો ગણાવ્યા છે. ઈરાને ચેતવણી આપતા કહ્યું છે કે જો અમેરિકા તેની  દરિયાઈ કામગીરી ચાલુ રાખશે તો વ્યવહારિક અને અણધારી લશ્કરી કાર્યવાહી કરવામાં આવશે.

# PUTIN-NPT

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને ૧૧મી NPT સમીક્ષા પરિષદને સંબોધિત કરતા જણાવ્યું હતું કે, પરમાણુ શસ્ત્રોના અપ્રસાર પર સંધિ (NPT) ના જવાબદાર પક્ષ અને તેના ડિપોઝિટર્સમાંના એક તરીકે, રશિયા સંધિનું કડક પાલન કરે છે.

ન્યુ યોર્કમાં સંયુક્ત રાષ્ટ્રના મુખ્યાલયમાં આયોજિત પરિષદમાં પુતિનનું નિવેદન રશિયન વિદેશ મંત્રાલયના રાજદૂત-એટ-લાર્જ આન્દ્રે ઇવાનોવિચ બેલોસોવ દ્વારા વાંચવામાં આવ્યું હતું. તેમણે કહ્યું હતું કે વર્તમાન જટિલ આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિ વચ્ચે, પરમાણુ શસ્ત્ર-મુક્ત વિશ્વ સર્જવા બહુપક્ષીય પ્રયાસોની જરૂર છે.

તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે કોઈપણ પક્ષની સુરક્ષા સાથે સમાધાન ન કરવાના સિદ્ધાંતને જાળવવો જોઈએ.

નિવેદનમાં નોંધવામાં આવ્યું છે કે પરમાણુ ઊર્જામાં અગ્રણી તરીકે રશિયા, રસ ધરાવતા NPT સભ્ય દેશો સાથે આ ક્ષેત્રમાં સહયોગ વધારવા માટે તૈયાર છે. નિવેદન અનુસાર, મોસ્કોનું કહેવું છે કે જે દેશો તેમની NPT જવાબદારીઓનું સંપૂર્ણ પાલન કરે છે તેમને અનુચિત પ્રતિબંધો વિના શાંતિપૂર્ણ પરમાણુ ઊર્જાની ઍક્સેસ હોવી જોઈએ.

## STOCKS 1200

આજે બપોરના સત્રમાં બેન્ચમાર્ક સ્થાનિક ઇક્વિટી સૂચકાંકો લગભગ 1.3 ટકાના ઘટાડા સાથે ટ્રેડ થઈ રહ્યા હતા. છેલ્લા અહેવાલો આવ્યા ત્યારે સેન્સેક્સ 900 પોઈન્ટ ઘટીને 76 હજાર 400 પર જ્યારે નિફ્ટી 280 જેટલા પોઈન્ટ ઘટીને 23 હજાર 800ની સપાટી પર કારોબાર કરી રહ્યો હતો. બજારમાં મેટલ, રિયલ્ટી અને પીએસયુ બેંક ક્ષેત્રોના શેરોમાં માટાપાયે વેચવાલી જોવા મળી હતી.

## RUPEE

આજે શરૂઆતના વેપારમાં અમેરિકન ડોલર સામે રૂપિયો 32 પૈસા ઘટીને 95.20 પર બંધ થયો હતો, રૂપિયો ગગડવાનું કારણ બ્રેન્ટ ક્રૂડ ઓઇલના ભાવમાં વધારો, પ્રતિ બેરલ 122 ડોલરની આસપાસ રહેતા અને મજબૂત બનેલા અમેરિકન હતું.

# IPL

આઈપીએલ ક્રિકેટમાં, આજે ગુજરાત ટાઇટન્સ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ સામે રમશે . મેચ સાંજે ૭.૩૦ વાગ્યે શરૂ થશે.

દરમિયાન સનરાઈઝર્સ હૈદરાબાદે ગઈકાલે રાત્રે વાનખેડે સ્ટેડિયમ ખાતે મુંબઈ ઈન્ડિયન્સને છ વિકેટે હરાવ્યું.

# IMD- WEATHER

હવામાન વિભાગે અઠવાડિયા દરમિયાન દેશના અનેક ભાગોમાં વાવાઝોડા, વીજળી અને ભારે પવન સાથે વ્યાપક વરસાદની શક્યતા વ્યક્ત કરી છે. ઉપ-હિમાલયી પશ્ચિમ બંગાળ અને ઉત્તરપૂર્વમાં ભારેથી અતિ ભારે વરસાદની સંભાવના છે. આજે ગંગા પશ્ચિમ બંગાળના કેટલાક ભાગો અને દક્ષિણ રાજ્યોમાં પણ ભારે વરસાદની સંભાવના છે.

દરમિયાન, બિહાર, ઝારખંડ, ઓડિશા અને ઉત્તરપૂર્વીય રાજ્યોમાં દિલ્હી, હરિયાણા, પંજાબ, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, છત્તીસગઢ, કર્ણાટક અને આંધ્ર પ્રદેશના કેટલાક ભાગોમાં ગાજવીજ, વાવાઝોડા અને વીજળી પડવાની સંભાવના છે.

દરિયાકાંઠાના આંધ્ર પ્રદેશ, કર્ણાટક, ઓડિશા અને તમિલનાડુના અલગ અલગ ભાગોમાં ગરમ અને ભેજવાળી સ્થિતિ રહેવાની શકયતા છે.

---------------------------------------